- દિનાંક ૨૨ નવેમ્બર ૨૦૧૫ના રોજ 'આર્યગ્રામ કેશવ ગૌશાળા', રાંધેજા ચોકડી, ગાંધીનગર ખાતે 'સમાજ પ્રબોધન વ્યાખ્યાનમાળા'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિશ્રી દિવ્યાંશુભાઈ દવેએ અંદાજે ૧૦૦ જેટલા સહભાગીઓની ઉપસ્થિતિમાં 'એકાત્મ માનવ દર્શન' વિષય પર પ્રેરક વક્તવ્ય આપ્યું હતું. આ ઉપરાંત વૈદ્યશ્રી દેવાંગભાઈ પટેલે પણ 'ગર્ભસંસ્કાર ઔર આયુર્વેદ' વિષય પર પોતાનું વક્તવ્ય આપ્યું હતું.




- દિનાંક ૨૨-૨૪ નવેમ્બર ૨૦૧૫ દરમિયાન ગોવામાં "ગોમાન્તક બાલ શિક્ષણ પરિષદ"ના ચોથા વાર્ષિક અધિવેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સલાહકાર સુશ્રી જ્યોતિબહેન થાનકી એ 'बालकों के सर्वांगी विकास में अभिभावकों की भूमिका' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. આ ઉપરાંત તેઓશ્રીએ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં થતી વિવિધ પ્રવૃત્તિઓ તેમજ તપોવન સંશોધન કેન્દ્રની વિસ્તૃત માહિતી આપી હતી. સાથે સાથે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની કાર્યઝાંખી દર્શાવતી વિડિયો સીડી બતાવી હતી. તેનાથી પ્રભાવિત થઈ ગોવાના મુખ્યમંત્રી શ્રી લક્ષ્મીકાંત પારસેકર સાહેબે ગોવામાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માર્ગદર્શન હેઠળ ગર્ભસંસ્કાર કેન્દ્રો શરૂ કરવાની જાહેરાત કરી હતી. આ અધિવેશનમાં ૭૦૦ થી વધુ વ્યક્તિઓ સહભાગી બન્યા હતા. ત્યાંના સ્થાનિક વર્તમાનપત્રોએ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને ગર્ભસંસ્કાર કેન્દ્રોની સમાચારમાં વિશેષ નોંધ લીધી હતી.



- દિનાંક ૨૬ નવેમ્બર ૨૦૧૫ ના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર ખાતે 'બંધારણ દિવસ' ની ઉજવણી કરવામાં આવી. જેમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી દિવ્યાંશુભાઈ દવે અને યુનિવર્સિટીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની પ્રસ્તાવનામાં કુલપતિશ્રીએ ભારતીય પરિપ્રેક્ષ્યમાં ફરજ અને અધિકારની સ્પષ્ટતા કરતા, આંતરિક બદલાવ દ્વારા ફરજ પાલનનું મહત્ત્વ સ્પષ્ટ કર્યું હતું. તેમજ મુખ્ય વક્તા તરીકે પધારેલા સિદ્ધાર્થ લો કૉલેજના પ્રાચાર્યશ્રી ડૉ. દિલીપભાઈ મેવાડાએ "ભારતનું બંધારણ અને



બંધારણમાં બાળકો માટેની વિશિષ્ટ જોગવાઈઓ'' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.

પ્રશ્નોત્તરી સત્ર બાદ આભારવિધિથી કાર્યક્રમ સંપન્ન થયો હતો.

- દિનાંક ૨૮ નવેમ્બર ૨૦૧૫ના રોજ 'પુનરુત્થાન વિદ્યાપીઠ', અમદાવાદ દ્વારા 'અખિલ ભારતીય વિદ્વદ્ ગોષ્ઠિ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ શ્રી દિવ્યાંશુભાઈ દવેએ 'સમગ્ર વિકાસનો એક આયામ વૈયક્તિક વિકાસ' વિષય પર પ્રેરક વક્તવ્ય આપ્યું હતું. આ ગોષ્ઠિમાં પુનરુત્થાન વિદ્યાપીઠના કુલપતિ માનનીય ઈન્દુમતીબહેન કાટદરે, વિદ્યાપીઠની આચાર્ય પરિષદના સભ્યો તથા અંદાજિત ૭૦ સહભાગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

